દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
બુધવાર ૨૪ જૂન, ૨૦૨૬

# સ્ટાર્મરનું રાજીનામું: બ્રિટનમાં રાજકીય અસ્થિરતાનો દોર પુરો થશે?

વિશ્વની સૌથી જૂની અને પીઢ લોકશાહીઓમાંના એક મનાતા બ્રિટનમાં છેલ્લા એક દાયકાથી રાજકીય અસ્થિરતાનો સમયગાળો ચાલી રહ્યો છે. આ દસ વર્ષમાં બ્રિટને છ વડાપ્રધાન જોયા છે. આમ તો બ્રિટન પરંપરાગત રીતે એક રાજાશાહી દેશ છે. ત્યાં હજી પણ રાજા કે રાણી બંધારણીય વડા ગણાય છે. પરંતુ ૧૭30ના સમયગાળામા ત્યાં લોકશાહીની સ્થાપના થઇ, સંસદીય લોકશાહી સર્જાઇ, રાજાશાહી પણ તેને સમાંતરે ચાલુ રખાઇ, પરંતુ રાજા માત્ર નામના વડા છે, અને ખરું શાસન લોકશાહી રીતે ચાલે છે અને આજ સુધી આ પરંપરા જળવાઇ રહી છે. આ સંસદીય લોકશાહી દેશ બ્રિટનના હાલના વડાપ્રધાન કીથ સ્ટાર્મરે સોમવારે જણાવ્યું કે તેઓ પદ છોડી રહ્યા છે, ત્યારે તેઓ યુકેના રાજકારણના એક તોફાની દાયકામાં નંબર 10 ડાઉનિંગ સ્ટ્રીટની સામે ઊભા રહીને વિદાય પ્રવચન આપનારા છઠ્ઠા વ્યક્તિ બન્યા. તેમણે રાજીનામુ આપી દીધું છે પણ નવા વડાપ્રધાન શાસક લેબર પક્ષ દ્વારા નિયુક્ત થાય ત્યાં સુધી તેઓ કાર્યકારી વડાપ્રધાન તરીકે ચાલુ રહેશે. સ્ટાર્મરે ૨૦૨૪માં તેમની લેબર પાર્ટી માટે પ્રચંડ બહુમતી સાથે ચૂંટાયા બાદ સ્થિરતા લાવવા, અર્થતંત્રનો વિકાસ કરવા અને કન્ઝર્વેટિવ પાર્ટી હેઠળના વર્ષોના રાજકીય અરાજકતાનો અંત લાવવાનું વચન આપ્યું હતું. માત્ર બે વર્ષ પછી, સ્ટાર્મરની લોકપ્રિયતામાં ભારે ઘટાડો થતાં અને તેમના પક્ષમાં જ તેમની સામે કચવાટ શરૂ થતા તેમણે છેવટે પદ છોડવું પડ્યું છે.

લેબર પાર્ટી કે કામદાર પક્ષના સ્ટાર્મરના પહેલા કન્ઝર્વેટિવ કે રૂઢિચુસ્ત પક્ષના શાસનમાં તો ઉપરાછાપરી વડાપ્રધાનો બદલાયા હતા. ડેવિડ કેમેરોન, જેમણે એક ટર્મ પુરી કર્યા બાદ ૨૦૧૫માં ફરીથી બહુમતી મેળવી હતી, તેમણે બીજી ટર્મમાં જૂન ૨૦૧૬માં પોતાના રાજીનામાની જાહેરાત કરી હતી - બ્રિટિશ મતદારોએ એક મહત્વપૂર્ણ રેફરન્ડમમાં યુરોપિયન યુનિયન છોડવાની તરફેણમાં મતદાન કર્યું તેના બીજા જ દિવસે. કેમેરોને આ લોકમત વિરુદ્ધ સખત પ્રચાર કર્યો હતો. યુરોપ સાથે બ્રિટનના સંબંધો અંગે પક્ષમાં લાંબા સમયથી ચાલી રહેલા ઝઘડાઓને શાંત કરવાના પ્રયાસરૂપે કેમેરોને જ આ લોકમત યોજ્યો હતો. અને છેવટે તેમણે પદ છોડવું પડ્યું. ત્યારબાદ થેરેસા મેએ મે ૨૦૧૬ થી મે ૨૦૧૯ સુધી સેવા આપી હતી, જ્યારે તેમણે બ્રિટનને યુરોપિયન યુનિયનમાંથી બહાર લાવવાની તેમની ત્રણ વર્ષની નિષ્ફળ શોધનો અંત આણ્યો હતો. જ્યારે મે યુરોપિયન યુનિયન (EU) સાથે સફળતાપૂર્વક છૂટાછેડાની સમજૂતી કરી લીધી હતી, પરંતુ તેમની પોતાની કન્ઝર્વેટિવ પાર્ટીના સભ્યોએ આ સમજૂતી સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. તેમની દરખાસ્ત સંસદમાં ત્રણ વખત પરાજિત થઈ હતી, જેને યુરોપિયન યુનિયનના સમર્થક વિરોધ પક્ષના સાંસદો અને બ્રેક્ઝિટ (Brexit) સમર્થક કન્ઝર્વેટિવ્સ બંનેએ ફગાવી દીધી હતી, કારણ કે તેઓ માનતા હતા કે આ સમજૂતી બ્રિટનને યુરોપિયન યુનિયન સાથે ખૂબ જ ચુસ્તપણે જોડી રાખે છે. ત્યારબાદ પ્રભાવશાળી અને વિવાદાસ્પદ બોરિસ જોન્સને યુરોપિયન



યુનિયનમાંથી બ્રિટનની વિદાયની દેખરેખ રાખી હતી અને કોવિડ-૧૯ મહામારી દરમિયાન દેશનું નેતૃત્વ કર્યું હતું, પરંતુ શ્રેણીબદ્ધ નૈતિક કૌભાંડોએ તેમના વહીવટીતંત્રને કલંકિત કર્યા પછી તેમને પદભ્રષ્ટ કરવામાં આવ્યા હતા. જોન્સન સત્તા પર ટકી રહ્યા હતા, ભલે તેમની સામે એવા આરોપો વધતા ગયા કે તેઓ મહામારીના લોકડાઉન નિયમોનો ભંગ કરનારી સરકારી ઓફિસની પાર્ટીઓ વિશે સંસદને ગેરમાર્ગે દોરી હતી. આખરે ડઝનેક અધિકારીઓ અને તેમના સહયોગીઓએ સરકારમાંથી રાજીનામું આપ્યા પછી તેમને બહાર થવાની ફરજ પડી હતી. ત્યારબાદ લિઝ ટ્રસ, એક લિબર્ટેરિયન જેમણે નાની સરકાર અને મુક્ત-બજાર અર્થતંત્રની હિમાયત કરી હતી, ઓક્ટોબર ૨૦૨૨માં પદભાર સંભાળ્યાના માત્ર છ અઠવાડિયા પછી પોતાના રાજીનામાની જાહેરાત કરીને બ્રિટનના સૌથી ટૂંકા ગાળાના વડાપ્રધાન બન્યા હતા. ટ્રસે બ્રિટનની અર્થવ્યવસ્થાને હચમચાવી દેવાના વચન સાથે સર્વોચ્ચ પદ મેળવ્યું હતું, પરંતુ તેમની નબળી આયોજિત પ્રોત્સાહન યોજના સ્ટિમ્યુલસ પ્લાન, જેમાં મોટા પાયે ટેક્સ કાપનો સમાવેશ થતો હતો, તેણે આર્થિક અને રાજકીય અરાજકતા પેદા કરી અને કન્ઝર્વેટિવ પાર્ટીમાં તેમનો ટેકો સંપૂર્ણપણે ખતમ કરી દીધો. ત્યારબાદ ભારતીય મૂળના ઋષિ સુનકે ૨૦૨૨માં ટ્રસ પછી સત્તા સંભાળવા માટે તેમના સાથી કન્ઝર્વેટિવ્સનો ટેકો મેળવ્યો હતો, જેમાં તેમણે ફુગાવો ઘટાડવા, જાહેર આરોગ્ય સંભાળના બેકલોગને ઘટાડવા અને ગેરકાયદેસર રીતે યુકેમાં પ્રવેશતા સ્થળાંતર કરનારાઓના પ્રવાહને રોકવાનું વચન આપ્યું હતું. તેઓ કન્ઝર્વેટિવ્સ માટેના પોલ રેટિંગ્સ વધારી શક્યા નહીં, અને ૨૦૨૪માં તેમના પક્ષને તેના બે સદીના ઇતિહાસમાં સૌથી મોટી હારનો સામનો કરવો પડ્યો તે પછી તેમણે પદ છોડી દીધું. કીર સ્ટાર્મર ૨૦૨૪માં ચૂંટણીમાં પ્રચંડ બહુમતી મેળવીને સત્તામાં આવ્યા હતા, જેમાં તેમણે અર્થતંત્ર અને કથળેલી જાહેર સેવાઓને પુનઃનિર્માણ કરવાનું અને રાજકારણમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાનું વચન આપ્યું હતું. તેઓ બ્રિટનમાં ૧૪ વર્ષમાં પ્રથમ લેબર પાર્ટીના વડાપ્રધાન હતા. લગભગ બે વર્ષ પછી તેમણે સ્વીકાર્યું કે તેમનો પક્ષ એવું માનતો નથી કે પોતે સત્તા પર ચાલુ રહેવા જોઇએ અને છેવટે તેમણે રાજીનામુ આપી દીધું છે.


સ્ટાર્મરના સ્થાને લેબર પક્ષના સાંસદો હવે કોને પોતાના નેતા અને બ્રિટનના વડાપ્રધાન તરીકે પસંદ કરે છે તે જોવાનું રહે છે. હાલ તો કેટલાક નામ ચર્ચાઇ રહ્યા છે અને જે પણ વ્યક્તિ વડાપ્રધાન બને તે હવે ટર્મના બાકી રહેલા ત્રણ વર્ષ પુરા કરશે કે પછી ચૂંટણી પહેલા જ તેણે પણ વિદાય લેવી પડશે તે જોવાનું રહે છે.

# ભૂતકાળનું મૂલ્યાંકન વર્તમાનમાં શક્ય નથી

વહેતાં પાણીમાં બીજાની વહારે જનારને સમાજ શૌર્ય શિરપાવ આપે છે પણ એ જ વ્યકિત નદીના પ્રવાહમાં તણાઈ જાય તો મૂરખ જાણવામાં આવે છે. એન્ડ ઈઝ વેલ એવરીથીંગ ઈઝ વેલની આપણી મનોવૃત્તિ ઈતિહાસને પણ વર્તમાનના અનુકૂલનની ફૂટપટ્ટીથી માપતો રહ્યો છે અને આ જ તો અયોગ્ય છે. આ વાત સ્વતંત્રતા અને મહાત્મા ગાંધીના યોગદાન સંબંધે પણ તપાસવા જેવી છે.

છેલ્લાં ૮-૧૨ વર્ષમાં ગાંધી વર્સિસ ગોડસે, વિર સાવરકર, હરિલાલ, રીટર્ન ફ્રોમ સાઉથ આફ્રિકા અને હવે ફ્રિડમ ઓફ મિડ નાઈટ પ્રકારની ફિલ્મો દ્વારા દર્શકો વચ્ચે પ્રતિપાદિત કરવાનો ભરપૂર રાજકીય પ્રયત્ન થઈ રહ્યો છે કે ‘પાકિસ્તાન ગાંધીની વિચારસરણી અને જીદનું ફરજંદ છે. મોહનદાસની ભૂલોના પરિણામે આજે હિંદુ-મુસલમાન તેવું વૈમનસ્ય વિકસ્યું છે.”

ભારતના ઈતિહાસની પૃષ્ઠ ભૂમિથી મહાત્મા ગાંધી વિષે ઊભા થતા નેરેટીવ્સ (વ્યર્થ ખ્યાલ)ને તપાસીએ તો વર્ષ ૧૫૨૬માં પાણીપતના યુદ્ધમાં ઈબ્રાહીમ લોધીને હરાવી આજના ઉઝબેકીસ્તાનના તૈમુર રાજવંશના રાજા બાબરે મરાઠા, રાજપુતો અને દક્ષિણનાં રાજ્યો વચ્ચે મુઘલ વંશની સ્થાપના કરી. એટલું જ નહીં પણ વિજ્ઞાન, સમાજરચના, અર્થવ્યવસ્થા, સંશોધન વિચારના પુરાવા સમાન ૩૦૦૦ થી વધુ હસ્તલિખિત ગ્રંથો ઝૂંટવી લેવામાં આવ્યા, બાળી નાખવામાં આવ્યા. સાંસ્કૃતિક વિરાસતના દસ્તાવેજ જેવાં નાનાં મોટાં ૧૪૦૦૦ સ્મૃતિ મંદિરો ખંડિત કરવામાં આવ્યાં. તોડી પાડવામાં આવ્યાં. વેદ, ઉપનિષદ અને રામાયણ, મહાભારતની પરંપરા સાથે જીવતા હિંદુ સમાજ ઉપર આ પ્રથમ પ્રહાર હતો, જેના ઘાવ મુઘલ વંશની ૪૦૦ વર્ષની ગુલામીએ રૂઝાવા દીધા ન હતા. તે પછી વર્ષ ૧૭૫૭ થી ૧૯૪૭ સુધી અંગ્રેજોએ પોતાના આર્થિક લાભ ખાતર દેશમાં ભાગલા પાડો અને રાજય કરોની નીતિ અપનાવતા દેશ દારુણ ગરીબી, નિરક્ષરતા અને વર્ગભેદના વમળમાં રહ્યાનું ઈતિહાસ કબૂલે છે. અહીં એ હકીકત તો બિલકુલ સ્પષ્ટ છે કે ગાંધીજીના અસ્તિત્વ પહેલાં જ હિંદુ અને મુસલમાન તેવી સમાજવ્યવસ્થામાં દેશ વૈચારિક રીતે વિભાજીત થઈ ગયેલો. અંગ્રેજ પત્રકાર લુઈ ફિશર પોતાની નોંધમાં લખે છે ‘હિંદના ભાગલાની બાબતમાં મુસલમાન



નેતાઓને જ વધારે રસ હતો. ગાંધીએ ઝીન્હાને કહ્યું આપણે બંને હિંદુસ્તાન માટે સ્વરાજ માગીએ ત્યારે જીન્હાએ સ્પષ્ટ કહ્યું અમે મોગલ વંશજ છીએ. અમારા માટે પાકિસ્તાન એ જ સ્વતંત્રતા છે. લુઈ ફિશરના પ્રશ્નના જવાબમાં ગાંધીજી સ્પષ્ટ કહે છે. ‘ક્રિપ્સ યોજનાએ હિંદુ મુસલમાન વચ્ચે અળગાપણું વધાર્યું છે. પ્રત્યક્ષ વ્યવહારમાં પણ અંગ્રેજ હકૂમતે બે કોમને વહેંચી નાખી છે. પરંતુ દરેક મુસલમાન જો પોતાના કુટુંબનો ઈતિહાસ તપાસતાં ભૂતકાળમાં પૂરો ઊંડો ઊતરશે તો તેને કોઈ હિંદુ પૂર્વજનું નામ મળ્યા વિના રહેશે નહીં. દરેક મુસલમાન ઈસ્લામમાં ગયેલો હિંદુ જ છે. આથી કોઈ જુદી પ્રજા કે જૂદું રાષ્ટ્ર

**અવારનવાર**

**ડો.નાનક ભટ્ટ**

**ચંપારણ સત્યાગ્રહ સમયે પણ ગાંધીજીએ કહ્યું “મારે મન દેશના સીમાડાઓ અર્થહીન છે. મારા હિંદમાં ગરીબ માણસનું આર્થિક સ્વાવલંબન સ્વરાજય છે!**

પેદા ન થઈ શકે. હિંદુસ્તાન એ સહિયારી સંસ્કૃતિ છે.” ચંપારણ સત્યાગ્રહ સમયે પણ ગાંધીજીએ કહ્યું “મારે મન દેશના સીમાડાઓ અર્થહીન છે. મારા હિંદમાં ગરીબ માણસનું આર્થિક સ્વાવલંબન સ્વરાજય છે!

આવા સ્પષ્ટ અભિપ્રાય છતાં પણ દેશના સીમાડાઓ તૂટ્યા અને વિઘટન થયું ત્યારે બંને કોમની અસંખ્ય સ્ત્રીઓ-બાળકો અને યુવકો કપાયાં. કોંગ્રેસ અને ગાંધી લગભગ લાચાર સ્થિતિમાં રહ્યાં અને બ્રીટીશ પાર્લમેન્ટે માઉન્ટ બેટનના સહારે કરોડો નાગરિકોને રઝળાવ્યાં.


ઈતિહાસ નોંધે છે કે બીજું વિશ્વયુદ્ધ છેક આંદામાન સુધી પહોંચી ગયેલ. જાપાનનું લશ્કરી શાસન સુભાષબાબુનું સ્થળાંતર અને જર્મનીથી ઊભી થએલ નવી ગુલામ શાસનવ્યવસ્થા, ૨૬૮ રજવાડાંઓની સ્વાયત્ત સત્તાની કપટનીતિ, મુઘલ સામ્રાજ્ય તરફ વળવાની મુસ્લિમ લીગની રાજનીતિ અત્યંત ગરીબ, રોગિષ્ટ, અશિક્ષિત ભારતની પૃષ્ઠભૂમિ, બ્રિટન સરકારની અમાનવીય શોષણનીતિ બહુ મોટા ખેડૂત વર્ગમાં પ્રચલિત થઈ રહેલ અને અંગ્રેજો દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવતી અફીણની ખેતી, કોંગ્રેસના સદસ્યોની સત્તા, લાલસા જીન્હાએ છુપાવી રાખ્યાં. કેન્સરની બીમારી વચ્ચે ઉગ્ર બનતી અલગ પાકિસ્તાનની માગણી બે વખત નિષ્ફળ ગએલ. ગોળમેજી પરિષદ જેવા રાજકીય, આર્થિક, સામાજિક સીમાવર્તી ભયસ્થાનોના વમળમાંથી બહાર નીકળી દેશને અરાજકતા છતાં પણ નોંધારો છોડવા માટે બ્રીટીશ પાર્લમેન્ટ પણ ઠરાવ કરી ચૂકી હતી ત્યારે બ્રિટનના અખબાર મોર્નિંગ પોસ્ટે તંત્રીલેખમાં નોંધ્યું છે કે ‘ભારતની સ્વતંત્રતાનું શ્વેત પત્ર ખરેખર તે ભાગીદારીનું કરારનામું નથી પણ ભાગી છૂટવાની સમજૂતી છે.’

વર્ધા આશ્રમમાં જૂનું ૧૯૪૨માં ગાંધીજી સાથે એક સપ્તાહ રહેનાર પત્રકાર લુઈ ફીશર દિલ્હીના વાઈસરોય લોર્ડ લીનથીગોને ટાંકી નોંધે છે કે ગાંધી એ હિંદુસ્તાનની મોટામાં મોટી વસ્તુ છે. આમ છતાં તેમની પાસે અખંડ ભારતને છોડવા સિવાય કોઈ ઉપાય નથી રહેવાનો.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ડાયરીમાં લખેલાં વાક્યો

નીતિના ઘરે તેમની સ્કુલની સહેલી નીપા ઘણા વખતે મળવા આવી.આમ તો બંને વચ્ચે ફોન પર વાતો થતી રહેતી અને બંને એકબીજાની જિંદગીના પડકારો અને તકલીફોથી વાકેફ હતાં. બન્નેના જીવનમાં ઘણા ઉતારચઢાવ આવતા રહેતા હતા. નીતિના જીવનમાં ઘણા બદલાવ આવ્યા હતા, ઘણી અઘરી પરિસ્થિતિઓ આવી હતી.નીપા બધાથી વાકેફ હતી.



નીપા ઘરે આવી તો તેણે જોયું ઘર એકદમ સ્વચ્છ અને સુંદર રીતે સજાવેલું હતું.નીતિ વધુ સુંદર અને શાંત દેખાતી હતી. નીપા બોલી ઊઠી, ‘‘અરે નીતિ, તારા જીવનની તકલીફો વિષે હું બધું જાણું છું પણ આટલા બધા ઉતારચઢાવ વચ્ચે પણ તું આટલી શાંત અને સરસ દેખાય છે, ઘર સરસ છે, જાણે કંઇ બન્યું જ નથી.’’નીતિ બોલી, ‘‘નીપા છોડ મનને દુઃખ કરાવે તેવી વાતો...શું બન્યું છે તે વિષે મારે વાત નથી કરવી બોલ ચા પીશ કે કોફી?’’ નીપા મનની જિજ્ઞાસા રોકી ન શકી. ચા પીતાં પીતાં તેણે પૂછ્યું, ‘‘નીતિ હું જાણું છું તારા પર શું શું વીત્યું છે, ચલ તને એ બધું યાદ કરવાનું નથી કહેતી પણ મને એ તો કહે કે તેં આટલી તકલીફો વચ્ચે જાતને સાચવી કઈ રીતે? એ રહસ્ય શું છે?’’

**ચાર્જિંગ પોઇન્ટ**

**હેતા ભૂષણ**

નીતિએ કહ્યું, ‘‘એ રહસ્ય છે મારી આ ડાયરી, મારી ડાયરીના દરેક પાને તે લખેલું છે. મેં જીવનમાં અમુક નિયમો બનાવ્યા છે અને તે હું રોજે રોજ લખું છું અને અનુસરું છું એટલે જીવનમાં બધું દુઃખ પાછળ છોડી આગળ વધી શકી છું.’’ ડાયરી ખોલી, નીતિ બોલી, ‘‘આ ડાયરીમાં હું રોજ અમુક વાક્યો લખું છું જેનો નિયમની જેમ પાલન કરું છું....સૌથી પહેલાં અંગત રહો, પોતાના મનની દુઃખની વાતો ફરિયાદો બધાને ન કહો... કામ કરવું બહુ જરૂરી છે માટે ખૂબ મહેનત અને ખંતથી કામ કરો... સુંદર દેખાવું ને સારાં કપડાં આત્મવિશ્વાસ વધારે છે માટે હંમેશા સુઘડ રહો ... કંઈ પણ કરવા સ્વસ્થ રહેવું જરૂરી છે માટે સાત્ત્વિક ખોરાક લો...પોતાની વાતો ઓછી કરો, સાંભળો વધારે ... બોલો ઓછું, કરો વધારે ... જીવન એક જ વાર મળે છે તેને પૂર્ણપણે જીવો... હંમેશા મનમાં દયા રાખો અને બીજાને મદદરૂપ થાવ... હંમેશા નમ્ર રહો, અભિમાન ન કરો... જીવનમાં કોઈ ધ્યેય નક્કી કરો અને તેને મેળવવા મહેનત કરો... સૌથી મહત્ત્વનું ભગવાનને પ્રેમ કરો અને હરિનામ લેતાં રહો.... બસ, હું આ રીતે જીવું છું.’’ નીપા પોતાની સહેલીની સમજભરી વાત સાંભળી એટલું જ બોલી, ‘‘થેન્ક યુ નીતિ, હું પણ હવે આ બધાં જ વાક્યો યાદ રાખીશ અને પાલન કરીશ.’’ નીતિએ કહ્યું, ‘‘પાલન કરવા તારે રોજ આ વાક્યો લખવાં પડશે.આમ જ જીવજે, દરેક સંજોગોમાંથી માર્ગ મળતો રહેશે.’’

# નેતૃત્વની કટોકટી અને સત્તાની લડાઈ: કેમ વિખેરાઈ રહી છે ઉદ્ધવની સેના?

ઉદ્ધવ બાળઠાકરેની આગેવાની હેઠળની શિવસેનાના સંભવિત પતનથી કોઈને આશ્ચર્ય થયું નથી. કદાચ આ થવાનું જ હતું. આ બીજી વાર વિભાજન, જો તે વાસ્તવિકતા બનશે તો ઉદ્ધવના રાજકીય ભવિષ્ય સામે પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું કરશે અને મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે માટે તે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે.

શિંદેએ જૂન ૨૦૨૨માં પ્રથમ વિભાજન કર્યું હતું અને ભાજપની મદદથી સીએમ બન્યા હતા. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પછી ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી આવ્યો અને દેવેન્દ્ર ફડણવીસ મુખ્યમંત્રી બન્યા. જેના કારણે શિંદેએ ડેપ્યુટી સીએમનું પદ સ્વીકારવું પડ્યું હતું.

શિંદે દ્વારા કરવામાં આવેલા પ્રથમ વિભાજન પછી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પક્ષની હાર બાદ યુબીટી શિવસેનાના અન્ય નેતાઓને એ સમજવામાં વધુ સમય ન લાગ્યો કે તેમના માટે અથવા પક્ષ માટે કોઈ ભવિષ્ય બચ્યું નથી. વિપક્ષની રાજનીતિમાં તેમનો રસ ઓછો થતાં તેઓ ઉદ્ધવ અથવા તેમના પુત્ર આદિત્ય ઠાકરે હેઠળ સેનાના પુનરુત્થાનની કોઈ શક્યતા જોતાં નથી. આ તમામ નેતાઓ પોતાના અસ્તિત્વ અને ભવિષ્ય માટે સરકાર અથવા વર્તમાન સત્તાધારી માળખાનો ભાગ બનવા માંગે છે.

આ ઉપરાંત, દરેક વ્યક્તિ વર્તમાન પરિસ્થિતિ માટે ઉદ્ધવની નેતૃત્વશૈલી અને સંજય રાઉત જેવા નેતાઓ પર તેમની નિર્ભરતાને જવાબદાર માને છે. આદિત્ય ઠાકરેની મુંબઈ બહારની મર્યાદિત પહોંચને પણ યુબીટી સેનામાં ઉત્સાહના અભાવ માટે જવાબદાર ગણવામાં આવે છે. બીજી તરફ, ભાજપના કેન્દ્રીય નેતૃત્વ સાથે શિંદેની નિકટતા અને રાજ્યના રાજકારણમાં તેમનું વધતું કદ સ્થાનિક રાજકારણીઓ માટે તેમના પક્ષને વધુ આશાસ્પદ વિકલ્પ બનાવે છે. જેમ જેમ વધુ યુબીટી સાંસદો તેમની સાથે જોડાશે તેમ તેમ મહારાષ્ટ્ર તેમ જ કેન્દ્રમાં

**ફિંગર પ્રિન્ટ**

**શેખર ઐયર**

**શિંદેનું ‘ઓપરેશન ટાઈગર’: મહાયુતિમાં વધતું કદ અને બદલાતું મહારાષ્ટ્રનું રાજકારણ**

શિંદેનો રાજકીય પ્રભાવ અને સોદાબાજી કરવાની શક્તિ વધશે.

શિંદે એક મજબૂત મરાઠા નેતા તરીકે પણ ઊભરી શકે છે. અજિત પવાર પછી શિંદે રાજ્યમાં સૌથી મોટો મરાઠા ચહેરો છે. મરાઠા પ્રભુત્વ ધરાવતા સહકારી ક્ષેત્રમાં હિતોનું રક્ષણ કરવા માટે અન્ય કોઈ નેતા નથી. સેનાના કેટલાક નેતાઓનું કહેવું છે કે, ભાજપ ઓબીસી તરફ ઝુકાવ માટે જાણીતી છે, તેથી મરાઠા નેતાઓ પણ શિંદેને સમર્થન આપી રહ્યા છે અને તેનાથી શિંદેને ફાયદો થઈ રહ્યો છે. તેઓ મરાઠી યુવા નેતાઓ, કોન્ટ્રાક્ટરો અને અમલદારો વગેરેને આકર્ષી રહ્યા છે. આનો અર્થ એ છે કે શિવસેના (યુબીટી)નું પુનરુત્થાન હવે મુશ્કેલ જણાય છે. ૧૮ જૂનના રોજ યુબીટી શિવસેનાએ તેના સાંસદોની બેઠક માટે વ્હીપ જાહેર કર્યો હતો, જેમાં માત્ર ૧ રાજ્યસભા સાંસદ અને ૩ લોકસભા સાંસદો હાજર રહ્યા હતા. બીજા શબ્દોમાં કહીએ તો પક્ષના ૯ લોકસભા સાંસદોમાંથી માત્ર અરવિંદ સાવંત, અનિલ દેસાઈ અને રાજાભાઉ વાજે પક્ષના વ્હીપ દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં હાજર રહ્યા હતા. બાકીના ૬ લોકસભા સાંસદોની ગેરહાજરીએ શિંદેની શિવસેના તરફની તેમની જવાની અટકળો પર લગભગ મહોર મારી દીધી હતી. જો કે, યુબીટી શિવસેનાના નેતાઓએ લોકસભા સ્પીકર ઓમ બિરલાને આ ૬ સાંસદોને ગેરલાયક ઠેરવવા માટે પત્ર સુપરત કર્યો છે.

જો આ વિલીનીકરણ સફળ થશે તો શિંદેની શિવસેના સત્તાધારી મહાયુતિમાં મહારાષ્ટ્રના ૧૩ સાંસદો સાથે સૌથી મોટો પક્ષ બનશે. ત્યાર બાદ ભાજપ ૯ સાંસદો સાથે બીજા ક્રમે રહેશે. છેલ્લા દોઢ વર્ષથી શિંદેની આગેવાની હેઠળની સેના યુબીટી સેનાના સાંસદો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે. પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસમાં વિભાજન થયા પછી શિંદેના ‘ઓપરેશન ટાઈગર’ (જેમ કે પક્ષના નેતાઓ તેને ઓળખાવે છે) એ ગતિ પકડી હતી.

એક દિવસ પહેલાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઉદ્ધવની ટીકા કરતાં જાહેરાત કરી હતી કે, હવે મહારાષ્ટ્રના ડેપ્યુટી ચીફ મિનિસ્ટર એકનાથ શિંદેની આગેવાની હેઠળ માત્ર એક જ શિવસેના છે. શાહે જણાવ્યું હતું કે, અગાઉ લોકોએ શિંદે જૂથને અલગ જૂથ તરીકે ઓળખવું પડતું હતું, પરંતુ હવે તે તફાવત રહ્યો નથી.

અલબત્ત, સીએમ દેવેન્દ્ર ફડણવીસ અને ડેપ્યુટી સીએમ શિંદે વચ્ચેની ખેંચતાણમાં આ માત્ર એક નવી ચાલ હોઈ શકે છે. પોતાની તરફ વધુ સાંસદો ઉમેરીને મહાયુતિમાં શિંદેની સોદાબાજીની સ્થિતિ મજબૂત થશે. તૃણમૂલના બળવાખોર સાંસદો એનડીએમાં જોડાયા પછી શિંદે માટે ગઠબંધનમાં પોતાનું મહત્ત્વ જાળવી રાખવું જરૂરી બન્યું હતું. આ રાજ્યમાં વ્યાપક રાજકીય ઊથલપાથલ અને વર્ચસ્વનો એક ભાગ હોઈ શકે છે, પરંતુ એકનાથ શિંદે માટે સૌથી મોટા ફાયદાઓમાંથી એક છે ગ્રામીણ મહારાષ્ટ્ર, ખાસ કરીને મરાઠાવાડામાં તેમના પક્ષનો વધતો પ્રભાવ, જ્યાં અવિભાજીત શિવસેના પરંપરાગત રીતે મજબૂત પકડ ધરાવતી હતી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ચોમાસામાં ઘરે ઘર ગુંજે છે વરસાદના ગીતો

જૂન મહિનો અને જેઠ મહિનાની શરૂઆત થાય એટલે વરસાદ ઝરમર વર્ષે ખેડૂતો રાજી થાય અને અષાઢ મહિનામાં રથયાત્રાથી મેઘાની હેલી થાય. ખેડૂતો વાવણીનો પ્રારંભ કરે. ખાલી ડેમો ભરાવા માંડે. ચોમેર હરિયાળી જ હરિયાળીથી લોકો આનંદિત થાય. છાપામાં હેડલાઈન બને ‘મેઘાની મહેર’. રેડિયો પર વરસાદના ગીતોથી મન ડોલી ઉઠે, વરસાદનું ગીત જગજીતસિંહના કંઠે ગવાયેલું ‘વોહ કાગઝકી કસ્તી વોહ બારીસકા પાણી... બાળપણના મોહલ્લાનાં ચોમાસાના દ્રશ્યો યાદગીરી તાજા કરે છે. રિમઝીમ ગીરે શાવન..’ મંજિલ’ ફિલ્મનું ગીત ફેસબુકની સ્ટોરીમાં કિશોર-લતાનું આ ગીત અચૂક મુકવામાં આવે છે. નોકરીયાત લોકો માંટેનું લતા દ્વારા ગવાયેલું ‘રોટી કપડાં ઔર મકાન’ ફિલ્મનું ‘હાય હાય રે મજબૂરી યે મોસમ હે એ દૂરી’ ગીત વર્ષોથી લોકોના હૃદયમાં ગુંજે છે. ઝીલમિલ સીતારોકા આંગણ હોગા રિમઝીમ બરસતા શાવન હોગા’ ‘જીવનમુત્યુ’નું લતા અને મો.રફીના સ્વરમાં ગવાયેલું આ કર્ણપિય ગીત લોકોની પહેલી પસંદ છે. જ્યારે વરસાદ પડે તેને રોકી રાખવા માંટે લક્ષ્મીકાંત પ્યારેલાલના સુમધુર સંગીત દ્વારા તૈયાર થયેલું લતા અને સુરેશ વાડકરના સ્વરમાં ગવાયેલું ‘મેઘારે મેઘારે મત પરદેશ જા રે. આજ તું પ્રેમકા સંદેશ ભરતા હૈ.’ 1981 નું ‘પ્યાસા શાવન’નું વરસાદનું આ ગીત કરોડો દિલો પર રાજ કરે છે. એવા અનેક વરસાદના ગીતો પર્યાવરણને સંગીતમય બનાવે છે.

**સુરત - કિરીટ મેઘાવાલા**

## વહાલા સુરતીઓને એક સુરતીની નમ્ર અપીલ

આપણું સુરત શહેર એ આપણું ઘર છે. આપણે સૌ જાણીએ છીએ કે આપણાં શહેરની સુંદરતા જ આપણી ઓળખ છે. આપણું સુરત શહેર ઘણા સમયથી ભારતમાં સ્વચ્છતામાં આગવું સ્થાન ધરાવે છે. પરંતુ દુઃખની વાત એ છે કે, કેટલાક વિસ્તારોમાં જાહેરમાં કચરો ફેંકવાની આદતને કારણે ગંદકી વધી રહી છે. ટૂંક સમયમાં વરસાદની ઋતુ ચાલુ થશે, જેથી રોગચાળો વકરવાની સંભાવના છે. સ્વચ્છતા એ માત્ર પાલિકાની જવાબદારી નથી, પણ આપણી સૌની સામાજિક ફરજ પણ છે.

આપ સૌને નમ્ર વિનંતી છે કે, ઘર કે દુકાનનો કચરો ગમે ત્યાં ફેંકવાને બદલે પાલિકાની કચરાપેટીમાં અથવા કચરો લેવા આવતી ગાડીમાં જ આપીએ. જો આપણે આજે જાગૃત થઈશું, તો જ આપણે આવનારા સમયમાં આપણાં સુરત શહેરને સ્વચ્છ અને રોગમુક્ત રાખી શકીશું.

ચાલો, સંકલ્પ કરીએ કે આપણે આપણા શહેરને કચરામુક્ત અને રોગમુક્ત રાખીને સુરતને ફરી એકવાર ગૌરવ અપાવીએ.

**સુરત -મોહમદ તાહિર સુરતી**

## શિક્ષણને વ્યાપારીકરણ ન બનાવો

શિક્ષણનું ખાનગીકરણ તો થઈ જ ગયું છે, છેલ્લા કેટલાંક સમયથી ખાનગી યુનિવર્સિટી દેશમાં સ્થપાઈ રહી છે. માહિતી મળ્યા મુજબ હવે સામાન્ય BA,Bcom, BSC થવું મુશ્કેલ થઈ પડશે કેમ કે ખાનગી યુનિવર્સિટીએ ફીનું ધોરણ ખૂબ જ વધારી દીધું છે. ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો માટે શિક્ષણ મેળવવું દોહ્યલું થઈ પડશે.

શિક્ષણ દેશના વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે. બંધારણ મુજબ શિક્ષણ મેળવવાનો તમામને બંધારણીય અધિકાર છે. દેશમાં એવું આયોજન કરવાની જરૂર છે કે, પૈસાના અભાવે કોઈપણ વ્યક્તિ શિક્ષણ મેળવવાના મૂળભુત અધિકારથી વંચિત ન રહી જાય. દેશમાં શરૂઆતથી જ distance learning અને external course નોકરિયાત અને જેઓ ભણવાની ખ્વાઈસ ધરાવે છે તેમના માટે નજીવી ફી વસુલ લઈ ચલાવવામાં આવે છે. શિક્ષણ તો દરેકના માટે free ઉપલબ્ધ કરાવવાની સરકારની ફરજ છે.

**સુરત -ચંદ્રકાન્ત રાણા**

## રામ રાજ્ય પ્રજા સુખી

રામ રાજ્ય પ્રજા સુખી, નેતા સુખી ગુજરાતના ગાંધીનાં રાજ્યમાં દારૂબંધી હોવા છતાંયે ખુલ્લેઆમ દારૂનું વેચાણ થાય છે. રોજનું કરોડો રૂપિયાનું ડ્રગ્સ ગુજરાતના દરિયા કિનારે ઉતરી રહ્યું છે. યુવાનોને ઘેલું કરાવનારું ડ્રગ્સ ભાવિ પેઢી માટે ખતરનાક પૂરવાર થઈ શકે. ચારેબાજુ દબાણો વધતા જાય છે. દબાણો પછી ડિમોલેશન થાય છે. તેમાં પણ કરોડોનાં કૌભાંડ રચાય છે. આડેધડ રસ્તાઓ પર થતાં દબાણ અને ગેરકાયદેસર ઊભા થતાં દબાણને કારણે ગુંડાગીરી વધી છે. બળાત્કાર થાય છે. આત્મહત્યાઓ થાય છે. ખુલ્લેઆમ નિર્દોષોનો જાન લેવાય છે. કહેવાય છે કે ભ્રષ્ટાચાર વધ્યો છે. કામ માટેના વ્યવહારો નક્કી થાય છે. જૂના પેન્શન મળે છે. જ્યારે નેતાઓને અનેકઘણું પેન્શન મળે છે. ખાનગીશાળાના શિક્ષકોનું ભારે શોષણ થાય છે. ઓછા પગારમાં વધુ કામ લેવાય છે. ગાંધીના ગુજરાતમાં લોકોને સુખ, શાંતિ સમૃદ્ધિ અને જાહોજલાલી પ્રાપ્ત થઈ છે. અનેક લોકોની આવકમાં વધારો થઈ રહ્યો છે. સરકાર રોજ છાપામાં સુશાસનનો પ્રસાર અને પ્રચાર કરી રહી છે. જેની જવાબદારી છે એવા નેતાઓ કામ કરતા નથી. કામ કરાવતા નથી. નરેન્દ્ર મોદી એક માત્ર નેતા દેશ ચલાવી રહ્યાં છે. વિદેશમાં પોતાનું સ્થાન જાળવી રહ્યાં છે. ભારતને ગૌરવ અપાવી રહ્યાં છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી પણ હિંમતથી કામ કરી રહ્યાં છે.

**સુરત -ગોપાળ પરમાર**

## નકલી વકીલોથી સાવધાન

કાયદાની ડિગ્રી નહીં હોવા છતાં પણ કાળો કોટ અને સફેદ શર્ટ પહેરીને વકીલ તરીકે પોતાની ઓળખ પ્રસ્થાપિત કરીને નિર્દોષ નાગરિકો સાથે છેતરપિંડી કરવામાં આવી રહી છે એ અંગેના સમાચાર વાંચીને આપણા દેશમાં કાનૂની વ્યવસ્થા પણ જોખમમાં મુકાઈ રહી હોય એવું લાગે છે. આપણા દેશમાં ગુનેગારોને કડક સજા થતી નથી તેથી જાણે લોકોને કાયદાનો ડર નથી રહ્યો. તાજેતરમાં નવસારી કોર્ટના પરિસરમાં બોગસ વકીલો કે જે ગેરકાયદેસર રીતે કાર્ય કરીને લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. તેમની સામે કાયદેસરના પગલાં વહેલી તકે લેવાવા જોઈએ. નિર્દોષ માણસો સ્વાભાવિક છે કે વકીલ પર ભરોસો મૂકીને એમની પાસે કાયદાકીય સલાહ કે કામ માટે જતા હોય છે અને છેતરાય છે. ઘણા સમય પહેલા એવું વાંચવામાં આવ્યું હતું કે દિલ્હી બાર કાઉન્સિલની તપાસમાં ઘણા બધા વકીલોની ડિગ્રી પણ નકલી મળી આવી હતી. આપણા દેશમાં જાણે નકલીનો રાફડો ફાટી રહ્યો હોય એવું લાગી રહ્યું છે. કોઈ પણ વ્યક્તિ ચીજ વસ્તુની ખરીદી કરે છે ત્યારે એમાં ભેળસેળ હશે એવી શંકાથી ખરીદી કરતો હોય છે એ દુઃખની વાત છે. નકલની દુનિયામાં અસલીને શોધવાનું મુશ્કેલ બનતું જાય છે.

**નવસારી -ડૉ. જે. એમ. નાયક**

## સામાજિક દુર્દશા વધી! સરકાર ચિંતન કરશે?

તાજુ જ ઉદાહરણ લઈએ તો, અમદાવાદ ખાતે એક જ દિવસમાં બનેલા એક પછી એક કુલ ચાર ચાર યુવાનોએ જાન ગુમાવ્યા. દરેક પિડિત પરિવાર પર જાણે રીતસર આભ તૂટી પડ્યું.

જો કે, વાત નવીનવાઈની નથી જ, ગુજરાત રાજ્યમાં અને કેન્દ્રમાં જીવતી જાગતી ચાર આંખોવાળી સત્તારૂઢ થયેલી સરકાર બન્યા બાદ, જે રીતે પરિણામો મળવા જોઈએ એવા બધા ક્ષેત્રે સામાજિક, આર્થિક અને આરોગ્યલક્ષી સફળતાની કામગીરીના આંકડા ભલેને કદ મોટા દેખાય છે! કે, બતાવવામાં આવે છે! એની સામે આવા પ્રકારના દર્દનાક બનાવોના પણ એટલા જ મોટા આંકડા નજરે ચઢતા હોય ત્યારે ખરેખર તો સત્તાધારી સરકાર સફળ નહીં પણ નિષ્ફળતાને વરેલી છે. દેશમાં વધતી જતી તમામ પ્રકારની દુર્દશાઓ, દરેક ક્ષેત્રોમાં વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. સાંપ્રત સમયે સત્તાધારી સરકારને પડકારતી સળગતી અધધ સમસ્યાઓ પૈકીની મોંઘવારી, બેકારી, ભ્રષ્ટાચાર, ચોરી, ખૂનાખરાબી, લૂંટફાટ ધાડ, આર્થિક કૌભાંડો, બળાત્કાર, છેડતી વગેરે અંતર્ગત અને બેટી બચાવોથી લઈને બેટી પઢાઓ વિષયે આડકતરા અને અળવિતરા પરિણામો પર નજર કરીએ તો.. સરવાળે સાક્ષર અને નિરક્ષર બેઉ કક્ષાએ વધી રહી છે અને સામાજિક દૂષણો સમાન બનતી જાય એ સમસ્યા છે વધતી જતી વાંઢાઓની વણઝાર.

સરકાર, સામાજિક સંગઠનો અને પ્રત્યેક સમાજ જો, સમયસર જાગશે નહીં તો આવનારો સમય સાચ્ચે જ અકલ્પનીય ઘટનાઓનો બનશે.

**સુરત -પંકજ શાં.મહેતા**